પ્રકરણ 11

# મૂળભૂત લોકશાહી — ભાગ 2 : ગ્રામીણ વિસ્તારમાં સ્થાનિક સરકાર

*સાચું ભારત ગામડાઓમાં વસે છે.*

*– મોહનદાસ કરમચંદ ગાંધી*

## મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ?

1. *પંચાયતીરાજ સંસ્થાઓ શું છે?*
2. *તેમની કામગીરી શું છે?*
3. *શાસન અને લોકશાહીમાં તેઓ શા માટે મહત્ત્વપૂર્ણ છે?*

0681CH11

ચાલો હવે જોઈએ કે સરકાર સ્થાનિક સ્તરે કેવી રીતે કાર્ય કરે છે. આ પ્રકરણમાં, આપણે ગ્રામીણ વિસ્તારોમાં સ્થાનિક સરકાર વિશે ચર્ચા કરીશું. પછીના પ્રકરણમાં આપણે શહેરી વિસ્તારો વિશે વાત કરીશું.

ભારત વિશાળ વિસ્તાર અને વિવિધતા ધરાવતો દેશ છે. આપણા દેશમાં લગભગ 6,00,000 ગામડાઓ, 8,000 નગરો અને 4,000 થી વધુ શહેરો છે. આપણી વસતી 140 કરોડને વટાવી ગઈ છે, જેમાંથી લગભગ બે તૃતીયાંશ લોકો ગ્રામીણ વિસ્તારોમાં વસે છે. આ પ્રકારની વિવિધતાવાળા સમાજમાં આપણે કેવી રીતે આપણી શાસનવ્યવસ્થા ચલાવીએ છીએ ?

ચાલો આપણે હિમાલયની તળેટીમાં આવેલા એક નાનકડા ગામ લક્ષ્મણપુરની મુલાકાત લઈએ. અહીં 200 ઘર છે અને લગભગ 700 ની વસતી છે. જેમાંથી મોટાભાગના ખેડૂતો




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

છે. લોકો પોતાની જમીન પર ખેતી કરે છે અને ગાય અથવા બકરીઓનો ઉછેર કરે છે. કેટલાકના સંબંધીઓ સશસ્ત્ર દળોમાં ફરજ બજાવે છે. કેટલાક યુવાનો નોકરીની શોધમાં શહેરમાં સ્થળાંતર કરી ગયા છે. આ ગામની જરૂરિયાતો શું છે - કદાચ ખેતરો માટે પાણી, ભારે વરસાદને કારણે નુકસાન પામેલ મુખ્ય માર્ગનું સમારકામ અથવા ગામની પ્રાથમિક શાળાની જાળવણી ? તેમના રોજિંદા જીવનને અસર કરતી આવી બાબતો વિશે ગામલોકો કેવી રીતે નિર્ણય લેશે ? અને તે જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેઓ સંસાધનો ક્યાંથી મેળવશે ? જો જમીન અંગે વિવાદ થાય કે પછી કોઈકનો ખેતીનો પાક ચોરાઈ જાય તો શું થાય ? આવા અનેક સવાલો ગામમાં ઊભા થઈ શકે છે. શું લોકો આવા દરેક પ્રશ્નો માટે રાજ્ય અથવા દેશની રાજધાની તરફ દોડી જશે ?

## પંચાયતી રાજ પ્રણાલી

ભારતનાં દરેક ગામની જેમ લક્ષ્મણપુરના લોકો પાસે પણ 'પંચાયત' નામની **સ્થાનિક** સરકારની વ્યવસ્થા છે, જેને ગ્રામ પરિષદ કહી શકાય. પંચાયતો શાસનને લોકોની વધુ નજીક લાવે છે, જેથી તેમના માટે નિર્ણય લેવાની પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લેવાનું શક્ય બને છે. તેથી જ **પંચાયતીરાજ** તરીકે ઓળખાતી પંચાયત પ્રથા એ **સ્વશાસન**નું એક સ્વરૂપ છે. પંચાયતો સ્થાનિક સમસ્યાઓનું સમાધાન કરવામાં, વિકાસને પ્રોત્સાહન આપવામાં અને સરકારી યોજનાઓના લાભો છેવાડાના સ્તરે પહોંચે તે સુનિશ્ચિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.




આકૃતિ 11.1



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે, પંચાયતીરાજ પ્રણાલી ગામ, તાલુકા અને જિલ્લા એમ ત્રણ સ્તરે છે - નીચેથી ઉપર સુધી કામ કરે છે. આને **ત્રિસ્તરીય શાસનપ્રણાલી** કહે છે. આ સંસ્થાઓ સાથે મળીને, જેમાં કૃષિ, રહેઠાણ, રસ્તાઓની જાળવણી, જળ સંસાધનોનું વ્યવસ્થાપન, શિક્ષણ, આરોગ્ય સંભાળ અને સામાજિક કલ્યાણથી લઈને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સુધી જીવનનાં દરેક પાસાંને સ્પર્શતી જવાબદારીઓ નિભાવે છે.

## ગ્રામપંચાયત

ચાલો, આપણે પાના નં-164 પરના આકૃતિ 11.1ના પાયાના સ્તર ગ્રામપંચાયતથી શરૂઆત કરીએ, જે ગ્રામીણ વિસ્તારોના લોકોની સૌથી નજીક છે. તેના સભ્યો અને સરપંચની ચૂંટણી સીધી ગ્રામસભા દ્વારા કરવામાં આવે છે, જે ગામના (અથવા પડોશી ગામોના જૂથના) પુખ્ત વયના લોકોનું એકજૂથ છે. જેમની મતદાર તરીકે નોંધણી કરવામાં આવે છે. ગ્રામસભામાં, સ્ત્રીઓ અને પુરુષો તેમના વિસ્તારને લગતી બધી બાબતો પર ચર્ચા કરે છે અને નિર્ણયો લે છે. દરેક ગ્રામપંચાયત એક વડા અથવા પ્રમુખને ચૂંટે છે જેને 'સરપંચ' અથવા 'પ્રધાન' કહેવામાં આવે છે. તાજેતરનાં વર્ષોમાં, નોંધપાત્ર સંખ્યામાં મહિલાઓ સરપંચ બની છે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આદર્શ સરપંચો



**જ્ઞાનેશ્વર (Dnyaneshwar) કાંબળે** એક કિન્નર (ટ્રાન્સજેન્ડર) વ્યક્તિ છે, જે 2017માં મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના તરંગફલ ગામના સરપંચ તરીકે ચૂંટાયા હતા. કાંબળેનું આદર્શ સૂત્ર “લોકસેવા, ગ્રામસેવા” એટલે કે ગામની સેવા એ જનતાની સેવા છે. કાંબળે અન્ય છ ઉમેદવારોને હરાવીને સરપંચ બન્યા હતા.



મધ્યપ્રદેશના ખાનખંડવી ગામની ભીલ સમુદાયનાં **વંદના બહાદુર મૈદા** એ પિતૃસત્તાક માન્યતાને પડકારીને પોતાના ગામની પ્રથમ મહિલા સરપંચ બની હતી. તેણીને ગામની મહિલાઓને ગ્રામસભાની બેઠકોમાં ભાગ લેવા સમજાવી અને શિક્ષણ અને સ્વચ્છતા જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ધ્યાન આપી આગવી ઓળખ ઊભી કરી હતી. વંદનાની યાત્રા બતાવે છે કે ગ્રામીણ ભારતની કાયાપલટ કરવામાં મહિલાઓ કેવી રીતે અગ્રણી ભૂમિકા ભજવી શકે છે.




મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાનું હિવારે બજાર ગામ વારંવાર દુષ્કાળ અને ખેતીની નબળી ઉપજની સમસ્યાથી અસરગ્રસ્ત હતુ. **પોપટરાવ બાગુજી પવાર** તેના સરપંચ બન્યા પછી તેમણે વરસાદી પાણીના સંગ્રહ, જળસંચય સંરક્ષણ અને લાખો વૃક્ષોના મોટા પાયે વૃક્ષારોપણના અન્ના હજારેના મોડેલનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું, આ બધા પ્રયત્નોએ ભૂગર્ભજળના રિચાર્જમાં ફાળો આપ્યો. ગામના લોકોના સહયોગથી હિવારે બજાર થોડા જ વર્ષોમાં હરિયાળું અને સમૃદ્ધ ગામ બની ગયું. શ્રી પોપટરાવ પવારને 2020માં પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ગ્રામપંચાયતની સહાયતા માટે પંચાયતમંત્રી (સચિવ) હોય છે. જે બેઠકોનું આયોજન અને રેકોર્ડ જાળવણી જેવાં વહીવટી કાર્યો કરે છે. આ ઉપરાંત ભારતની મોટાભાગની ગ્રામપંચાયતોમાં એક વહીવટી અધિકારી હોય છે જેને 'તલાટી' (પટવારી) કહે છે. જે ગ્રામજનોના જમીન દસ્તાવેજોની (land records) જાળવણી કરે છે. કેટલાંક ઠેકાણે તો તેમની પાસે પેઢીઓ જૂના નકશા પણ રાખે છે.



**ચાલો, વિચારીએ**

શું તમે માનો છો કે જૂના નકશાઓ આપણને ઉપયોગી છે ? શું તે આપણા ભૂતકાળ અને વર્તમાન વિશે આપણને માહિતગાર કરી શકે ?

### બાળ-મૈત્રીપૂર્ણ પંચાયત પહેલ

પંચાયતોએ દરેકની રજૂઆત સાંભળવાની હોય છે - જેમાં બાળકોની રજૂઆતોનો પણ સમાવેશ થાય છે. બાળ-મૈત્રીપૂર્ણ પંચાયત પહેલ બાળકો માટે તેમની સુખાકારીને લગતી બાબતો પર વિચારો અને અભિપ્રાયો વ્યક્ત કરવાની તકો ઊભી કરે છે, જ્યારે ગામના વડીલો તેમની સમસ્યાઓનું સમાધાન શોધવાનો પ્રયાસ કરે છે, ત્યારે 'બાળસભાઓ' અને 'બાળપંચાયતો'માં નિયમિત ધોરણે બાળકોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે કેટલાંક રાજ્યોમાં પગલાં લેવામાં આવી રહ્યાં છે.

ઉદાહરણ તરીકે મહારાષ્ટ્રમાં કેટલીક બાળપંચાયતોએ 'બાળમજૂરી' અને 'બાળલગ્ન'ને નાબૂદ કરવાનું કામ કર્યું છે. આ પહેલ ઘણાં બાળકોને શાળાએ પાછાં લાવી છે. બાળપંચાયતના સભ્યો ભેગા થઈને માતા-પિતા અને અન્ય વયસ્કો (પુખ્ત વયના લોકો)ને તેમના સંતાનોને શાળાએ પાછાં મોકલવાં, દીકરીઓને ભણાવવા અને ભણવાની ઉંમરે તેમનાં લગ્ન ન કરવા સમજાવે છે.

કેટલીક ગ્રામપંચાયતોએ બાળ મૈત્રીપૂર્ણ પહેલ કરવા બદલ પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. અહીં સિક્કિમનું એક ઉદાહરણ આપવામાં આવ્યું છે.

પશ્ચિમ સિક્કિમની સાંગખૂ રાધૂ ખાંડૂ ગ્રામપંચાયતે બાળકોની જરૂરિયાતો અને અધિકારોને ઘણું મહત્ત્વ આપ્યુ છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પંચાયતે શાળાઓમાં બાળકોની સલામતી માટે કમ્પાઉન્ડ વૉલ બનાવી છે. વિદ્યાર્થીઓને આરોગ્યપ્રદ રીતે રાંધેલું મધ્યાહ્ન ભોજન મળી રહે તે માટે ગ્રામપંચાયત દ્વારા શાળાઓમાં રસોડાનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રયાસો માટે જ સાંગખૂ રાધૂ ખાંડૂને 'બાળ-મૈત્રીપૂર્ણ ગ્રામપંચાયત' જાહેર કરવામાં આવી છે.

ચાલો આપણે રાજસ્થાનનું અન્ય એક ઉદાહરણ પણ જોઈએ :

થોડા દાયકા અગાઉ બંકર રોયની 'બેરફૂટ કોલેજ' પહેલની એક શાખા 'બાળસંસદ' (ચિલ્ડ્રન્સ પાર્લામેન્ટ) એ રાજસ્થાનના ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ અને લોકશાહી ભાગીદારી દ્વારા વંચિત બાળકોને સશક્ત બનાવ્યાં હતાં. 8 થી 14 વર્ષની વયનાં બાળકો રાત્રિશાળાઓ અને સંસદ જેવી જ ચૂંટણી પ્રક્રિયામાં જોડાઈ લોકશાહી અને સામાજિક જવાબદારી વિશે શીખે છે. બાળસંસદમાં મતદાર ઓળખપત્રો, ચૂંટણી પ્રચાર સહિતની ઔપચારિક પ્રક્રિયાઓને અનુસરવામાં આવતી હતી. ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી 'મંત્રીમંડળ'ની રચના કરી શાળા સંચાલનની દેખરેખ, સામુદાયિક જરૂરિયાતો નિભાવે છે. આ પહેલથી નેતૃત્વ કૌશલ્ય અને સામાજિક જાગૃતિને પ્રોત્સાહન મળ્યું હતું, જે બાળકોને સામાજિક માન્યતાઓને પડકારવા અને પરિવર્તનની હિમાયત કરવા સક્ષમ બનાવે છે. બાળકોએ શિક્ષણ, સ્વચ્છતા, શિક્ષણની સુલભતા અને સામાજિક સમાનતા






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જેવા મુદ્દાઓ પર સક્રિયપણે ધ્યાન આપી  સામુદાયિક વિકાસમાં યોગદાન આપ્યુ હતું. આથી આ બાળસંસદની પહેલને પ્રશંસા મળી હતી, અને 2001માં 'વર્લ્ડ ચિલ્ડ્રન્સ ઑનરરી એવોર્ડ' સહિત ઘણા પુરસ્કારો મળ્યા છે.

### ચાલો, શોધીએ

એક વર્ગ પ્રવૃત્તિ તરીકે ચાર કે પાંચ વિદ્યાર્થીઓની બાળપંચાયત રચો અને બાકીના વર્ગના વિદ્યાર્થીઓ કલ્પના કરે કે તેઓ ગામલોકો છે. ગ્રામસભા કયા મુદ્દાઓ પર ચર્ચા કરશે ? તે કયા પડકારોનો સામનો કરી શકે છે ? તે કયા ઉકેલો સૂચવશે ?



## પંચાયત સમિતિ અને જિલ્લા પરિષદ

આવી જ સંસ્થાઓ તાલુકા સ્તરે અને જિલ્લા સ્તરે અસ્તિત્વ ધરાવે છે, જે ગ્રામ્ય સ્તરથી ઉપર છે. તેમનાં નામો આકૃતિ 11.1 માં પાના નં-164 પર દર્શાવ્યાં છે. તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત (પંચાયત સમિતિ) એ ગ્રામપંચાયત અને જિલ્લા પંચાયતને જોડતી કડી છે. આ સંસ્થાઓના સભ્યોની ચૂંટણી સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવે છે, પરંતુ તેમાં અન્ય સભ્યો હોઈ શકે છે જેવા કે તે વિસ્તારના ગામોના સરપંચો અને રાજ્ય વિધાનસભાના સ્થાનિક સભ્યો.

પંચાયત સમિતિઓની રચના દરેક રાજ્યમાં અલગ અલગ હોય છે, પરંતુ સ્થાનિક લોકોની ભાગીદારીને મજબૂત કરવામાં તેમની ભૂમિકા એકસરખી જ રહે છે. ઉદાહરણ તરીકે, તેઓ તમામ ગ્રામપંચાયતો પાસેથી વિકાસ યોજનાઓ એકઠી કરી તેને અનુક્રમે જિલ્લા અથવા રાજ્ય સ્તરે રજૂ કરી ગ્રામપંચાયતો સાથે સંકલન કરે છે. આથી આવાં વિકાસ કાર્યો માટે અને પ્રધાનમંત્રી ગ્રામસડક યોજના જેવી સરકારી યોજનાઓ માટે ભંડોળની ફાળવણીની સુવિધા મળે છે, જે ગ્રામીણ વિસ્તારોમાં તમામ બારમાસી રસ્તાઓના નિર્માણને પ્રોત્સાહન આપે છે.

ત્રણેય સ્તરે, ખાસ નિયમો બનાવવામાં આવ્યા છે જેથી તેઓ સમાજના વંચિત વર્ગોની જરૂરિયાતો અને સમસ્યાઓ સાંભળી શકે. આ સંસ્થાઓમાં એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની પણ જોગવાઈ છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો, વિચારીએ

તમને કેમ લાગે છે કે સરકારે સમાજના વંચિત જૂથની જરૂરિયાતો અને સમસ્યાઓ પર વધુ ધ્યાન આપવું મહત્ત્વપૂર્ણ છે ?

## ચાલો, શોધીએ



- → કેન્દ્રીય સ્તરે અને પંચાયત સ્તરે શાસનવ્યવસ્થા વચ્ચે તમે કઈ સમાનતાઓ અને તફાવતો જુઓ છો ? (જો જરૂર જણાય તો પ્રકરણ 10નો સંદર્ભ લો.)
- → જો તમને પંચાયતના અમુક સભ્યોને મળવાની તક મળે, તો તમે તેમને કયા પ્રશ્નો પૂછવા માગો છો ? પ્રશ્નાવલી બનાવવા માટે નાનાં જૂથોમાં ચર્ચા કરો. ગ્રામ પંચાયતના કેટલાક સભ્યોને મળો અથવા તેમને તમારી શાળામાં આમંત્રિત કરો. તમારી પ્રશ્નાવલીમાંથી તેમને પ્રશ્નો પૂછો અને એક ટૂંકો અહેવાલ લખો.

આપણે યાદ રાખવુ જોઈએ કે દેશના જુદા જુદા રાજ્યોમાં પંચાયતીરાજ સંસ્થાઓનું માળખું અને કાર્યો થોડાં ભિન્ન હોઈ શકે છે. આનું કારણ એ છે કે તે સંસ્થાઓ પર રાજ્યોનો અધિકાર છે. પરંતુ તેમનો ઉદ્દેશ એક જ છે - તે એ છે કે ગ્રામવાસીઓ તેમનાં ગામ અને સ્થાનિક વિસ્તારના વ્યવસ્થાપન અને વિકાસમાં સક્રિય ભાગ લઈ શકે.

અર્થશાસ્ત્ર એ શાસનવ્યવસ્થાનો એક પ્રાચીન ગ્રંથ છે. જેને કૌટિલ્ય (પાછળથી ચાણક્ય નામથી ઓળખાયા) દ્વારા આશરે 2,300 વર્ષ પહેલાં લખવામાં આવ્યો હતો. આ ગ્રંથમાં અન્ય વિષયોની સાથે સાથે રાજ્યની રચના, સંચાલન, અર્થતંત્રને કેવી રીતે સમૃદ્ધ બનાવવું ? શાસક (રાજા)નું કર્તવ્ય શું છે ? અને યુદ્ધ કેવી રીતે લડવાં ? તેના વિશે વિસ્તૃત જાણકારી આપી છે. શાસનકલાના વિશેષજ્ઞ કૌટિલ્યે સમજાવ્યું છે કે, ગામથી લઈ પ્રાદેશિક રાજધાની સુધી શાસનવ્યવસ્થાનું સળંગ માળખું કેવી રીતે ગોઠવી શકાય.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

"રાજાએ દરેક 10 ગામ માટે એક 1 સંગ્રહણ (ઉપ જિલ્લા મુખ્ય મથક), દરેક 100 ગામ માટે 'કરવાટિકા' (જિલ્લા મુખ્ય મથક), દરેક 400 ગામ માટે 'દ્રોણમુખ' અને દરેક 800 ગામ માટે 'સ્થાનીય' (પ્રાંતીય મુખ્ય મથક)ની રચના કરવી."

વર્તમાનમાં આપણે ઉપરના ચાર વિભાગોને કયા નામો આપીશું? શું તે નવાઈની વાત નથી કે વર્ષો પહેલા શાસનનું આવું સમાન માળખું વિચારવામાં આવ્યું હતું?



## આપણે આગળ વધીએ તે પહેલાં

→ ગ્રામીણ વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થાને ત્રિ-સ્તરીય માળખામાં સંગઠિત કરવામાં આવે છે.

→ પંચાયતીરાજ પ્રણાલીમાં લોકશાહી લોકોની સીધી ભાગીદારી અને તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કામ કરે છે.

→ પંચાયતીરાજની સંસ્થાઓ ગ્રામીણ વિસ્તારોમાં લોકોને સ્વ-શાસનનો અધિકાર આપે છે, જેથી તેઓ તેમના પ્રશ્નો જાતે ઉકેલી શકે અને વિકાસ યોજનાઓમાં સહયોગ કરી શકે.

## પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ

1. તમારી જાતને ચકાસો - ઉપરનું લખાણ જોયા વિના, શું તમે પંચાયતીરાજ પ્રણાલીના ત્રણ સ્તરોનાં નામ આપી શકો છો ? ત્રણેય સ્તરોમાં દરેકનાં મુખ્ય કાર્યો કયા છે?
2. ગામમાં રસ્તાની બાજુમાં પડેલી પ્લાસ્ટિકની થેલીઓના મુદ્દે સરપંચને પત્ર લખો.
3. તમારી દૃષ્ટિએ, ગ્રામ પંચાયત સભ્ય તરીકે કેવી વ્યક્તિ હોવી જોઈએ?
4. ધારો કે તમે એક ગ્રામ્ય શાળામાં અભ્યાસ કરો છો. આ શાળા હાઈવેની બાજુમાં આવેલી છે અને વિદ્યાર્થીઓને શાળાએ આવતા-જતાં રસ્તો ઓળંગવામાં મુશ્કેલી પડે છે. આ મુદ્દાને હલ કરવા માટે કયા વિકલ્પો છે ? પંચાયતીરાજની કઈ સંસ્થાઓ તમને મદદ કરી શકે છે? વિદ્યાર્થી તરીકે તમે શું કરી શકો?





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in